**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૭/૧૦/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૧૯/૧૭**

## રૂપિયા ૧,૯૨,૦૦૦/- નો પરપ્રાંતિય વિદેશી દારૂ તથા હેરાફેરી માટે ઉપયોગ કરેલ બોલેરો પીકપ ગાડી કિંમત રૂ ૫,૦૦,૦૦૦/- ની કબ્જે કરતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશનના ગુનાઓની પ્રવૃત્તિ અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ સુચના અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ.શ્રી, વિરેંદ્રસિંહ.એન.વાઘેલા નાઓની હકીકત આધારે આજરોજ તા:૦૭/૧૦/૧૭ ના હનુમાનજીના મંદિર પાસે આવેલ ધારા ટ્રાન્સપોર્ટ સામે જાહેર રોડ ઉપરથી એક બોલેરો પીકપ ડાલુ નંબર જીજે.૦૩.એ.ઝેડ.૦૧૯૫ નો ચાલક/માલિક ગેરકાયદેસર પરપ્રાંતિય વિદેશી દારૂ લઈ આવતા તેને વિંઝોલ સર્કલ પાસે આવેલ છાશ કેન્દ્ર આગળ રોકતા ગાડી ઉભી રાખેલ નહિ જેનો પીછો કરતા ઉપરોક્ત જગ્યાએ ગાડી મુકી ભાગી ગયેલ હોય.જે ગાડીમાં તપાસ કરતા ગેરકાયદેસર પરપ્રાંતિય વિદેશી દારૂ ભરેલ ૪૦ નંગ પૂઠાની પેટીઓ જેમાં રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કીની વિદેશી દારૂ ભરેલ બોટલો નંગ ૪૮૦ જે ૭૫૦ એમ.એલની જેની કુલ્લે કિંમત રૂપિયા ૧,૯૨,૦૦૦/- ની ગણાય તેમજ આ વિદેશી દારૂની હેરાફેરીના ઉપયોગ માટે વપરાયેલ બોલેરો પીકપ ડાલુ નંબર જીજે.૦૩.એ.ઝેડ.૦૧૯૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૬,૯૨,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.આ વિદેશી દારૂ મંગાવનાર તથા મોકલનાર તેમજ સદર બોલેરો પીકપ ડાલાના ચાલક/માલિકને પકડવા તજવીજ હાથ ધરેલ છે.

---

## સોનાની ચેનની ચીલઝડપ ચોરી કરવાની કોશિષ કરતા ઇસમને પકડી પાડતી રામોલ પોલીસ

રામોલ પોલીસ સ્ટેશન વન વ્હીકલને કલાક ૧૧/03 વાગ્યાનો પોલીસ કંટ્રોલરુમનો મેસેજ મળેલ કે રાજેશભાઇ પટેલ નાઓ જણાવે છે કે કર્ણાવતી સોસાયટીનીબાજુમાં આલોક સોસાયટી પાસે પ્રવિણાબેનના ગળામાંથી સોનાની ચેન તોડી ભાગવાની કોશિષ કરતા ઇસમને બાઇક સાથે પકડેલ છે તે મેસેજ આધારે મેસેજવાળી જગ્યાએ જઇ ફરિયાદી બેન પ્રવિણાબેન રાજેશભાઇ પટેલ રહે બી/૬૧ સ્વામીનારાયણ સોસાયટી તક્ષશિલા રોડ રામોલ અવાદ નાઓને મળતા તેઓના ગળામાંથી સોનાની ચેન આશરે આઠ ગ્રામ વજનની કિરુ ૧૮000 ની મત્તાની રીક્ષામાં બેસી જતા હતા ત્યારે આરોપી મો.સા. પર આવી ચીલઝડપ ચોરી કરવાની કોશિષ કરતા તેઓએ અને રાહદારીઓએ પકડેલ હોય જે આધારે ફરિયાદી બેનને પોલીસ સ્ટેશન ખાતે લાવી ફરિયાદી બેનની ફરિયાદ લઇ આરોપી મોઇનખાન @ મોનુ સ/ઓ ફિરોઝખાન પઠાણ ઉવ. ૨૦ રહે. મનં.ઇ/૧03 નસીમપાર્ક નૈયા એપાર્ટમેન્ટ પાસે રામોલ અમદાવાદ શહેર નાની વિરુધ્ધ કાયદેસર કરીને ગુનાના કામે વાપરેલ સ્પ્લેંડર મો.સા .કિરુ ૪0000/0 ગણી આરોપીને તા.૬/૧૦/૧૭ ના કલાક ૧૫/00 વાગે પકડી અટક કરેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.